સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત નવી મંજુર થયેલ ૭ જિલ્લા કચેરી (અર્બન) તથા નવી ૯૦ ઘટક કચેરીઓમાં કન્ટીજન્સી, આઇ.ઇ.સી., ફર્નિચર અને ઇક્વિપમેન્ટ કમ્પોનન્ટ હેઠળ ખર્ચ કરવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્ર: આઇસીડી-૧૧૨૦૧૮-૪૧૯-બ

સચિવાલયગાંધીનગર

તા. ૦૩/૦૧/૨૦૧૯

વંચાણે લીધા:

1. મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: આઇસીડી-૧૧૨૦૧૮-૮૭-બ, તા.૨૧/૨/૨૦૧૮.
2. મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: આઇસીડી-૧૧૨૦૧૮-૨૬-બ, તા.૧૧/૪/૨૦૧૮.
3. મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક: આઇસીડી-૧૧૨૦૧૪-૩૦૬-બ, તા.૨૧/૪/૨૦૧૮.
4. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૨૧/૪/૨૦૧૮ નો પરિપત્ર.
5. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીના તા.૨૨/૬/૨૦૧૮ ના પત્ર ક્ર:એન-૩./સ્ટોર/નવીન જિલ્લા/ઘટક કચેરી/વહીવટી મંજુરી/૧૮-૧૯/આઇસીડીએસ/૨૮૫૭૫/૧૮

આમુખ:

સંદર્ભ (૧) થી આઇસીડીએસ યોજનાના જુદા જુદા કમ્પોનન્ટસ માટે સહાયનું ધોરણ નક્કી કરવામાં આવેલ છે. સંદર્ભ (૨) થી નવી સેવા વર્ષ ૨૦૧૮-૧૯ હેઠળ સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત રાજ્ય, જિલ્લા અર્બન અને ઘટક સેલની જગ્યાઓ માટે બજેટ જોગવાઇ માટે વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. સંદર્ભ (૩) થી સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ મંજુર થયેલ હંગામી જગ્યાઓને ભરાયેલી હોવાની શરતે તા.૨૮/૨/૨૦૧૯ સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવેલ છે. સંદર્ભ (૪) થી રાજ્યની ૭ મહાનગરપાલિકામાં ૭ પ્રોગ્રામ ઓફીસર તથા ૯૦ ઘટક કચેરીઓમાં સંકલિત બાળ વિકાસ અધિકારીની કચેરીઓ શરૂ કરવાની મંજુરી આપવામાં આવેલ છે. સંદર્ભ (૫) થી સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત નવી મંજુર થયેલ ૭ જિલ્લા કચેરી (અર્બન) તથા ૯૦ ગ્રામીણ અને શહેરી ઘટક કચેરીઓના કન્ટીજન્સી,

આઇ.ઇ.સી., ફર્નિચર અને ઇક્વિપમેન્ટ અંગે વર્ષ ૨૦૧૮-૧૯ ના અંદાજપત્રમાં સુધારેલ બજેટમાં જોગવાઇ કરી ખર્ચ કરવા વહીવટી મંજુરી માટે દરખાસ્ત કરવામાં આવેલ છે.

ઠરાવ:

સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત નવી મંજુર થયેલ ૭ જિલ્લા કચેરી (અર્બન) તથા ૯૦ ગ્રામીણ અને શહેરી ઘટક કચેરીઓની સુવિધા જળવાઇ રહે તે માટે વિભાગે ભરાયેલ જગ્યાને ધ્યાને લઇને આવશ્યકતા અનુસાર કન્ટીજન્સી કમ્પોનન્ટ માટે રૂ.૬૧,૦૦,૦૦૦/-, આઇ.ઇ.સી. કમ્પોનન્ટ માટે રૂ.૫૨,૦૦,૦૦૦/- તથા ફર્નિચર અને ઇક્વિપમેન્ટ કમ્પોનન્ટ માટે રૂ.૨,૦૮,૦૦,૦૦૦/- એમ કુલ રૂ.૩,૨૧,૦૦,૦૦૦/- ની જોગવાઇ પૈકી જનરલ સદરે રૂ.૨,૫૫,૯૦,૦૦૦/- તથા ટ્રાયબલ સદરે રૂ.૬૫,૧૦,૦૦૦/- ની વાર્ષિક ખર્ચ મર્યાદા ધ્યાને લઈને સદર જોગવાઈ વર્ષ ૨૦૧૮-૧૯ ના સુધારેલ અંદાજમાં તથા ખૂટતી રકમની જોગવાઈ આગામી અંદાજપત્રમાં કરવાની શરતે ખર્ચ કરવાની મંજુરી આપવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નણાં વિભાગની તા.૧૨/૧૨/૨૦૧૮ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અંકિતા ક્રિશ્ચિયન)
ઉપસચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ગાંધીનગર.
2. નિયામકશ્રી, આઇ.સી.ડી.એસ., કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ગાંધીનગર.
3. અધિક મુખ્ય સચિવશ્રી (નાણા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
5. એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
6. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
7. નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ
8. શાખા સીલેકટ ફાઇલ.